<u>પત્રક-૧</u>

'પીજીવીસીએલ વિભાગીય કચેરી લોક દરબાર - ૨૦૧૮'

વિભાગીય કચેરી : બોટાદ, વર્તુળ કચેરી : બોટાદ , તારીખ : **07/03/2018**, સમય : **11:00**

નિરાકરણ કરનાર અધિકારીશ્રીનું નામ અને મોબાઇલ નંબર : શ્રી એ.એ.જાડેજા મો.નં. ૯૯૭૯૨૦૦૭૮૪

રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા : **18**, નીતિ વિષયક પ્રશ્નોની સંખ્યા : **0**, નિકાલ પ્રશ્નોની સંખ્યા : **18**, પ્રગતિ હેઠળ પ્રશ્નોની સંખ્યા : **0**

| ક્રમ | રજુઆતકર્તાનું નામ | પ્રશ્નની વિગત | લોક દરબારમાં આપેલ જવાબ | અદ્યતન જવાબ | નિકાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| **1** | સરપંચ શ્રી જનડા ગ્રામ પંચાયત મો. નં. ૯૯૨૪૦૫૯૮૮૬ | જનડા વાડી વિસ્તાર માં લો-વોલ્ટેજ આવે છે જેના લીધે મોટર બળી જવાની , નહિ ઉપાડવા ની સમસ્યા ઉદભવે છે. દિવસે ને દિવસે આ સમસ્યા ગંભીર થતી જાય છે. તેથી ગામના લોકોને ઘણીજ મુશ્કેલી પડે છે. તો આ સમસ્યાનું કાયમી નિવારણ થાય અને અમારી નજીકમાં નવું ૬૬ કેવી સબસ્ટેશન થાય તેવું ગ્રામજનો ઇચ્છે છે . | જનડા ખેતીવાડી વિસ્તાર માં ૬૬ કેવી બોટાદ સબસ્ટેશન માંથી નીકળતા જનડા એજી ફીડર દ્વારા વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. જેમાં ભાંભણ અને જનડા ગામની ખેતીવાડી આવે છે.સીઝન દરમ્યાન મેક્ષીમમ ૨૦૨ એમ્પી. તા.૫.૧૦.૧૭ ના રોજ આવેલ છે. હાલ આ વિસ્તાર ના તાજપર ગામ નજીક નવું ૬૬ કેવી સબ સ્ટેશન ની દરખાસ્ત નં. ૬૨૨૧ તા. ૩૧.૧૨.૨૦૧૫ ના રોજ વર્તુળ કચેરી એ મોકલાવેલ છે . અને અત્રેની કચેરી દ્વારા સદર સબ સ્ટેશન ના બાંધકામ માટે લાગુ લેન્ડ રેકોર્ડ **Dy engr. ( const. ) - GETCO , bhavnagar** ને પત્ર નં. ૭૯૪ થી તા. ૧૪.૨.૨૦૧૮ થી મોકલાવેલ છે. તો આ બાબતે જરૂરી કાર્યવાહી તાત્કાલિક કરવા **GETCO - bhavnagar** ને જાણ કરવામાં આવશે. સદર સબ સ્ટેશન બન્યા બાદ આ વિસ્તાર માં લો વોલ્ટેજ નો પ્રશ્ન નું નિવારણ આવે તેમ છે . | | નિકાલ<br>જેટકો |
| **2** | સરપંચ શ્રી નસીતપર ગ્રામ પંચાયત મો નં. ૯૭૨૩૨૫૯૭૭૨ | આપની કંપની તરફથી થાંભલા નાખ્યા બાદ લાઇન તાર તથા અમુક જગ્યા એ કેબલ નવા થાંભલા ઉપર ફેરવેલ નથી તો આ તાર તથા કેબલ સત્વરે ફેરવી આપવા તથા અમારા દેવી પૂજક વિસ્તારમાં સી .સી . રોડ બનાવવાનો હોવાથી સદર જુના થાંભલા કાઢી નાખવા વિનંતી. | નસીતપર ગામના આ વિસ્તાર માં અગાઉ ઉભા કરેલ પોલ હયાત છે જેની ઉપર હળવા દબાણ ની લાઇન ના કુલ ૬ ગાળા માં એ બી કેબલ ફેરવવો બાકી છે તે ફેરવવાનું કામ અને જુના કુલ પાંચ થાંભલા દુર કરવાનું કામ , દિન - ૧૦ માં પૂર્ણ કરવામાં આવશે | કુલ ૬ ગાળામાં એબી કેબલ ફેરવી તથા કુલ ૫ પોલ દુર કરી સદર ફરિયાદનું તા.૩૦.૦૩.૧૮ નિવારણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>શીફટીંગ ઓફ<br>લાઇન |
| **3** | સરપચ શ્રી સરવા ગ્રામ પંચાયત મો. નં. ૮૭૮૦૮૩૯૮૬૪ | સરવા ગામે લાઇટ પાળીયાદ ગામે થી આવે છે. ચોમાસામાં અવારનવાર ફોલ્ટ થતા લાઇટ જવાથી ઘણીજ તકલીફ પડે છે. આથી સરવા ગામે સબ સ્ટેશન બનાવવા ઘણા સમય થી દરખાસ્ત કરેલ છે તેમજ તેના માટે સરકારી જમીન ફાળવવા પંચાયત દ્વારા ઠરાવ કરેલ છે. આમ છતાં ૬૬ કેવી સબસ્ટેશન નું કામ શરુ થયેલ નથી આથી આગામી ચોમાસાની સીઝન ચાલુ થાય તે પહેલા કામ ઘણું ખરું પૂર્ણ થાય તે સારું યોગ્ય કરવા વિનંતી . | સરવા ગામ નજીક નવું ૬૬ કેવી સબ સ્ટેશન બનાવવા માટે ની દરખાસ્ત નં.૬૧૯૩તા. ૨૮.૧૨.૧૫ ના રોજ વર્તુળ કચેરી એ મોકલાવેલ છે . અને તેમજ **Dy engr. ( const. ) - GETCO** દ્વારા અને અત્રેની કચેરી દ્વારા સદર સબ સ્ટેશન ના બાંધકામ માટે ની જગ્યા નક્કી થઇ ગયેલ છે , તો આ બાબતે જરૂરી કાર્યવાહી તાત્કાલિક કરવા **Dy engr. ( const. )GETCO - bhavnagar** ને જાણ કરવામાં આવશે. | | નિકાલ<br>જેટકો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **4** | સરપંચ શ્રી તરઘરા ગ્રામ પંચાયત મો. નં. | તરઘરા ગામે સ્ટ્રીટલાઇટ ની બહુજ જરૂરિયાત હોવાથી અમોને સ્ટ્રીટલાઇટ કનેક્શન આપવા આપ સાહેબ ને નમ્ર વિનંતી છે | તરઘરા ગામે અગાઉ સ્ટ્રીટ લાઇટ માટે ગ્રામ પંચાયત , સ્ટ્રીટલાઇટ ના નામનું ગ્રાહક નં. ૮૬૯૦૯/૦૦૦૨૪/૨ થી સિંગલ ફેઝ વીજ જોડાણ ધરાવતા હતા. જે વીજ જોડાણ માં કુલ રૂ. ૨૭૧૦૫૦.૭૬ બીલ પેટે બાકી હોવાથી તારીખ ૨૯.૧૦.૧૪ ના રોજ સદર વીજ જોડાણ **NPDC** કરવામાં આવેલ. આથી સદર બાકી નીકળતી રકમ ગ્રાહક દ્વારા ભરપાઇ કર્યા બાદ નવા સ્ટ્રીટ લાઇટ ના વીજ જોડાણ ની માંગણી કર્યા બાદ આ બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે. | તરઘરા ગામે અગાઉ સ્ટ્રીટ લાઇટ માટે ગ્રામ પંચાયત , સ્ટ્રીટલાઇટ ના નામનું ગ્રાહક નં. ૮૬૯૦૯/૦૦૦૨૪/૨ થી સિંગલ ફેઝ વીજ જોડાણ ધરાવતા હતા. જે વીજ જોડાણ માં કુલ રૂ. ૨૭૧૦૫૦.૭૬ બીલ પેટે બાકી હોવાથી તારીખ ૨૯.૧૦.૧૪ ના રોજ સદર વીજ જોડાણ **NPDC** કરવામાં આવેલ. આથી સદર બાકી નીકળતી રકમ ગ્રાહક દ્વારા ભરપાઇ કર્યા બાદ નવા સ્ટ્રીટ લાઇટ ના વીજ જોડાણ ની માંગણી કર્યા બાદ આ બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે. | નિકાલ<br>નવા કનેકશન |
| **5** | બથવાર હરેશભાઇ દેવાભાઇ સવગણનગર, સાળંગપુર રોડ, બોટાદ. મો. નં. ૯૭૧૪૨૨૮૦૭૫ | ૧૧ કે.વી. લાઇન મારા ઘર પરથી પસાર થાય છે. જેના વાયર અવાર નવાર ભેગા થાય છે જેથી સ્પાર્કીંગ થઇ તિખારા થાય છે. તેમાં મારું મકાન નીચે હોવાથી અમોને ડર રહે છે તો સત્વરે આ લાઇન ફેરવવા કાર્યવાહી કરવા વિનંતી. | ગ્રાહક ની અરજી ના અનુસંધાને સ્થળ પર જરૂરી સર્વે કરી દિન -૧૦ માં જરૂરી અંદાજપત્ર પાઠવવામાં આવશે . જે અંદાજપત્ર ભરપાઇ કર્યે દિવસ -૬૦ માં સદર લાઇન ફેરવવા ની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. | સદર ૦.૨૦૦ કિમી એચટી લાઇન તથા ૧ ટ્રાન્સફોર્મર ફેરવવા માટે અરજદારને અંદાજપત્ર જાવક નં. ૯૦૫ તા. ૨૮.૩.૧૮ થી રૂ.૯૯૧૭૦ નું પાઠવેલ છે જે અંદાજપત્ર અરજદાર દ્વારા સમય મર્યાદામાં ભરપાઇ કરેલ નથી જેની જાણ પત્ર નં ૧૨૪૩ તા.૩૦.૦૪.૧૮ થી કરી સદર ફરિયાદ નો નિકાલ કરેલ છે. | નિકાલ<br>શીફ્ટીંગ ઓફ લાઇન |
| **6** | દીપકભાઇ બચુભાઇ વાઘેલા ભીમનગર, પટેલ બોર્ડીંગ પાછળ ,બોટાદ. મો.નં. ૮૭૮૦૩૭૯૯૯૦ | મારા ઘરની પાસે આવેલ એલ.ટી. પોલ અગાઉ પડી ગયેલ છે તો ત્યાં નવો થાંભલો ઉભો કરી આપવા વિનંતી | સદર પડેલ પોલ ઉભો કરવા માટે જે-તે સમયે કોન્ટ્રકટર ના માણસો તથા સ્ટાફ ગયેલ પરંતુ બાજુ વાળા એ વાંધો ઉઠાવતા પોલ ઉભો કરવા દીધેલ નથી. હાલ અરજદારે કરેલ રજૂઆત માં જણાવ્યા મુજબ વાંધો ઉઠાવનાર વ્યક્તિ એ આ થાંભલો ઉભો કરવા સમાધન થઇ ગયેલ હોવાથી આ પોલ દિવસ -૩ માં ઉભો કરી ફરિયાદ નું નિવારણ કરવામાં આવેશે. | સદર સ્થળ પર નવો પોલ તારીખ ૯.૩.૧૮ ના રોજ ઉભો કરી ફરિયાદ નું નિવારણ કરેલ છે | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **7** | શ્રી શંકરભાઇ ધોળું ( ડાયમંડ એસોસિયેશન પ્રમુખ , બોટાદ ) | રત્નદીપ કોમ્પ્લેક્ષ માં ઉનાળાના સમય માં લો વોલ્ટેજ નો પ્રશ્ન ઉપસ્થિત થાય જેનું નિવારણ કરવા વિનંતી. | અરજદાર શ્રી ને રત્નદીપ કોમ્પેક્ષ માં આવેલ ઓફિસોમાં જરૂરિયાત મુજબ લોડ વધારો માંગવા જણાવેલ છે. જે મુજબ લોડ વધારો માંગનાર દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઇ કર્યે લોડ મુજબ દિન -૩૦ નવું ટ્રાન્સર્ફોમર મૂકી ,લોડ બાયફરકેશન કરી લો વોલ્ટેજ ના પ્રશ્ન નું નિવારણ કરવામાં આવશે. | લો વોલ્ટેજ ની ફરિયાદ ના અનુસંધાને સદર સ્થળ પર સર્વે કરતા હયાત ૧૦૦ કેવીએ ના ટ્રાન્સર્ફોમર માં કુલ ૧૯૩ સિંગલ ફેઝ ને ૪ થ્રી ફેઇઝ કોમર્શીયલ વીજ જોડાણ જોડાયેલ છે.જેનો કુલ લોડ ૧૦૫ કિવો છે. વધુમાં નવું ૬૩ કેવીએનું ટ્રાન્સર્ફોમર ઉભું કરવા માટે રૂ.૧.૭૬ લાખની ટીએસ નં ૧૦૫૮૨૦૭૧થી મંજુરી મેળવેલ હોય સદર કામ તા. ૧૫.૦૪.૧૮ નાં રોજ પૂર્ણ કરી ફરિયાદ નું નિવારણ કરેલ છે. | નિકાલ<br>અનિયમિત પાવર સપ્લાય સંબધિત |
| **8** | સરપંચ શ્રી નાગલપર ગ્રામ પંચાયત મો. નં.૯૯૭૪૪૬૬૬૧૨ | ગ્રામપંચાયત વોટેરવર્ક્સ નું કનેક્સન બંધ હોવાથી રદ કરી ફરી નવું કનેક્સન આપવા બાબત | અરજદાર શ્રી ને વોટર વર્ક્સ નવું વીજ જોડાણ લેવા **GWSSB** પાસે થી આ અંગે નું જરૂરી સટીફીકેટ મેળવી , જરૂરી ડોક્યુમેન્ટ સાથે નવા વોટરવર્ક્સ વીજ જોડાણ ની અરજી કરવા જણાવેલ છે . જે અરજી સાથે રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઇ નવા વોટર વર્ક્સ ના વીજ જોડાણ અંગેની કાર્યવાહી સત્વરે કરવામાં આવશે. | અરજદાર શ્રી દ્વારા નવા વોટર વર્ક્સ કનેકસન ની માંગણી તારીખ ૧૦.૩.૧૮.ના રોજ કરેલ જેના અનુસંધાને તારીખ ૧૧.૩.૧૮ ના રોજ અંદાજપત્ર પાઠવવામાં આવેલ. જે તારીખ ૧૪.૩.૧૮ .ના રોજ ભરપાઇ કરેલ છે. સદર જોડાણ માટે નું લાઇન કામ તારીખ ૨૧.૩.૧૮ માં પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>નવા કનેકશન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **9** | શ્રી કરશનભાઇ નાનુભાઇ રહે.: બોટાદ પરામાં મો. નં:. :૯૯૦૪૩૦૨૧૪૬ | ખેતીવાડી નું કનેક્શન સ્થળ ફેરફાર ન થવા બાબત | સદર ગ્રાહક દ્વારા ૨૨.૧૧.૧૭ ના રોજ તેમનું ખેતીવાડી વીજજોડાણ બોટાદ થી અળવ ગામે ફેરવવા જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઇ કરી અરજી કરેલ. સદર વીજ જોડાણ સ્થળ ફેરફાર કરવા માટે જરૂરી દરખાસ્ત વિભાગીય કચેરી -બોટાદ ખાતે તા. ૨૯.૧.૧૮.ના રોજ મોકલાવેલ . પરંતુ અરજદાર જે જગ્યા એ સ્થળ ફેરફાર કરાવવા માંગે છે તે જમીન ખરીદી ( દસ્તાવેજ તા. ૧૩.૯.૨૦૧૭ ) ના બે વરસ પૂર્ણ થતા ન હોવાથી પરિપત્ર નં. ૨૧૮૯ તા. ૨૪.૧૦.૧૩ મુજબ મંજૂરી મળેલ નથી. | સદર ગ્રાહક નું હાલ નું વીજ જોડાણ નવી જગ્યા પ્રવર્તમાન નિયમ મુજબ સ્થળ ફેરફાર થઇ શકે તેમ ન હોવાથી , અરજદાર શ્રીને તેમને ખરીદેલ જમીન ઉપર નવું વીજ જોડાણ માંગણી કરવા અને તાત્કાલિક જરૂરિયાત હોયતો સદર માંગણી તત્કાલ માં કરવા માર્ગદર્શન આપેલ છે. | નિકાલ<br>કચેરી સંબધિત |
| **10** | ઘનશ્યામભાઇ હરિભાઇ મુ. વૈયા મો .નં. ૯૮૨૫૫૧૫૦૬૭ | ખેતીવાડીમાં **11** કે.વી. ના વાયર ખેચવા તથા પોલ સીધો કરવા બાબત. | સદર અરજી સંદર્ભે સ્થળ મોજણી કરાવી દિન ૧૫ માં સદર કામ પૂર્ણ કરવામાં આવશે | સદર સ્થળ પર બે ગાળા માં વાયર ખેચી અને એક પોલ સીધો કરી મેન્ટેનન્સ કામગીરી તારીખ ૨૯.૩.૧૮ ના રોજ પૂર્ણ કરેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **11** | રણછોડભાઇ મથુરભાઇ મુ. બરવાળા મો.નં. ૮૪૮૮૯૯૧૪૫૨ | હયાત ઘરવપરાશ નું મીટર ફાસ્ટ ફરતું હોય યોગ્ય કરવું. | સદર ગ્રાહક દ્વારા જરૂરી મીટર ટેસ્ટીંગ ચાર્જ ભરપાઇ થયે દિવસ ૧૦ માં મીટર નો એક્યુચેક ટેસ્ટ લઇ ટેસ્ટીંગ રિજલ્ટ ના આધારે પ્રશ્ન નો નિકાલ કરવામાં આવશે | સદર ગ્રાહક દ્વારા તારીખ ૧૪.૩.૧૮ ના રોજ રૂ. ૧૬૦ ફાસ્ટ મીટર ચકાસણી પેટે ભરપાઇ કરેલ જે અન્વયે તારીખ ૧૫.૩.૧૮ ના રોજ સદર મીટર બદલાવી. તારીખ ૧૬.૩.૧૮ ના રોજ લેબ ચકાસણી કરેલ . જે દરમ્યાન મીટર બરાબર માલુમ પડેલ છે. | નિકાલ<br>મીટર સંબધિત |
| **12** | પટગીર અનકભાઇ અમરાભાઇ મુ. બરવાળા મો.નં. ૯૮૭૯૯૭૭૯૦૪ | હયાત પી.વી.સી. કેબલ માં વારંવાર ફોલ્ટ થતો હોયતેના બદલે એ.બી. કેબલ નાખવા વિનંતી. | સદર સ્થળ ની મોજણી કરી જરૂરિયાત અનુસાર દિન ૧૫ માં સદર કામ પૂર્ણ કરી આપવામાં આવશે. | તારીખ ૮.૩.૧૮ ના રોજ સદર સ્થળ પર સર્વે કરેલ છે. જ્યાં કુલ બે ગાળા માં એ.બી. કેબલ નાખીસદર કામ તારીખ ૨૯.૩.૧૮ ના રોજ પૂર્ણ કરેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **13** | સરપંચ શ્રી ચંદુભાઇ નારસંગભાઇ રાઠોડ મુ. જુના નાવડા મો.નં. ..૯૮૯૮૮૬૩૩૯૫ | જુના નાવડા ગામે આવેલ મોહનપરા વિસ્તાર માં ડીમ લાઇટ પડતી હોય નવું ટી.સી. મુકવા બાબત. | સદર વિસ્તાર માં આવેલ ટ્રાન્સફોર્મર ના હયાત લોડ ની ચકાસણી કરી તથા લોડ બેલેન્સીંગ કરી જરૂરિયાત જણાશે તો તાંત્રિક મંજુરી મેળવ્યા બાદ દિવસ **30** માં સદર કામગીરી પૂર્ણ કરવામાં આવશે | સદર વિસ્તાર માં આવેલ ૧૦૦ કેવીએના હયાત ટ્રાન્સફોર્મર પર કુલ ૧૫૦ સિંગલ ફેઇઝ અને ૭ થ્રી ફેઇઝ વીજ જોડાણો આવેલા છે જેનો કુલ લોડ ૯૦ કિવો છે. આ વિસ્તારમાં નવી ૦.૧૫૦ કિમી એચટી લાઇન અને ૬૩ કેવીએનું ટ્રાન્સફોર્મર ઉભું કરવા માટેની મંજુરી પ્રોજેક્ટ ન-૨૧૧૩૭૦ થી મેળવેલ છે જેનો કુલ ખર્ચ ૨.૫૯ લાખ છે. સદર કામ તા.૧૮.૦૪.૨૦૧૮ નાં રોજ પૂર્ણ કરી ફરિયાદનું નિવારણ કરેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **14** | સરપંચશ્રી લાલજીભાઇ હરિભાઇ ચોસલા મુ. દાત્રેટીયા મો. ૯૭૨૩૨૦૦૯૫૧ | દાત્રેટીયા ગામે આવતી **11** કે.વી. લાઇન વાડી વિસ્તાર માં થઇ ને આવતી હોય રોડે રોડ ફેરવી આપવા બાબત. | સદર સ્થળ ની મોજણી કરી , તાંત્રિક મંજુરી મેળવી અંદાજપત્ર પાઠવવામાં આવશે અંદાજપત્ર ભરપાઇ થયા બાદ સદર કામગીર દિવસ **30** માં પૂર્ણ કરી આપવામાં આવશે. | સદર ૧.૬ કિમી ૧૧ કેવી લાઇન ફેરવવા માટે અરજદાર શ્રી ને જાવક નં. ૨૨૫૭ થી તારીખ ૨૯.૩.૧૮ ના રોજ રૂ.૧૬૭૮૫૪ નું અંદાજપત્ર પાઠવેલ છે. જે અંદાજપત્ર અરજદાર દ્વારા સમય મર્યાદામાં ભરપાઇ કરેલ નથી જેની જાણ પત્ર નં ૩૦૦૬ તા.૩૦.૦૪.૧૮ થી કરી સદર ફરિયાદ નો નિકાલ કરેલ છે. | નિકાલ<br>શીફટીંગ ઓફ<br>લાઇન |
| **15** | સભાડ હરેશભાઇ પોલાભાઇ, રાણપુરતાલુકા ભાજપ કોરડીનેટર મો. નં. | પોલીસ સ્ટેશન રાણપુર, રાણપુર સામે કૃષ્ણ નગર-૧ ની શેરીમાં ખુલ્લા એલ ટી ના વાયરો ની જગ્યાએ ૧૦ જેટલા ગાળાનો એબીસી વાયર નાખવા બાબત. | હાલ રાણપુર શહેર માં ખુલ્લા વાયર ની જગ્યા એ એલ. ટી . એબી કેબલ નાખવાનું કામ ચાલુ છે આગામી દિવસ ૧૦ અરજી માં જણાવેલ જગ્યાએ સદર કામ પૂર્ણ કરી આપવામાં આવશે. | સદર સ્થળ પરતારીખ : ૧૦.૩.૧૮ ના રોજ કુલ ૧૦ ગાળા માં એલ. ટી . એબી કેબલ નાંખી ફરિયાદ નું નિવારણ કરેલ છે | નિકાલ<br>મેઇન્ટેનન્સ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **16** | અબ્દુલભાઇ ઉમરભાઇ ગાંજા, પાંજરાપોળ રોડ રાણપુર | પાંજરાપોળ પાસે નીકળતી એલટી લાઇન ના વાયરો નીચા હોય વચ્ચે પોલ નાખી ઉચા કરી આપવા બાબત | સદર સ્થળ ઉપર જ્યાં એ.ટી . લાઇન ના લાંબા ગાળા તે સ્થળ ઉપર પોલ કાટીંગ કરેલ છે . આ સ્થળે સદર પોલ ઉભા કરવાની કામગીરી દિવસ -૭ માં પૂર્ણ કરી આપવામાં આવશે. | સદર સ્થળ પર તારીખ : ૧૧.૩.૧૮ ના રોજ એલ .ટી. લાઇનના લાંબા ગાળામાં કુલ ૭- પોલ ઉભા કરી ફરિયાદ નું નિવારણ કરેલ છે. | નિકાલ મેઇન્ટેનન્સ |
| **17** | નાન્દીતાબેન નીમ્કર વતી જાની ભાસ્કરભાઇ એમ. , રાણપુર | રેલ્વે સ્ટેસન રોડ પર નાન્દીતાબેન નીમ્કર ના પ્લોટ ઉપર થી પસાર થતી એચ.ટી. ડેડ લાઇન ના વાયરો ઉતારવા બાબત. | સદર સ્થળ ની મોજણી કરી , દિવસ ૫ માં પૂર્ણ કરી આપવામાં આવશે. | સદર સ્થળ પર તારીખ : ૧૧.૩.૧૮ ના રોજ એચ .ટી. ડેડ લાઇનના કુલ ૭ ગાળાના વાયરો ઉતારી ફરિયાદ નું નિવારણ કરેલ છે. | નિકાલ મેઇન્ટેનન્સ |
| **18** | નિખીલકુમાર મુકેશભાઇ થોરિયા. | સહજાનંદ શોપિંગ મોલ ,બીએપીએસ સ્વામીનારાયણ મંદિરની બાજુમાં રસ્તા ઉપર નડતર રૂપ વીજપોલ દુર કરી અન્યત્ર ખસેડવા બાબત. | સદર સ્થળ ની મોજણી કરી , તાંત્રિક મંજુરી મેળવી બાદ અરજદાર શ્રી ને જરૂરી અંદાજપત્ર પાઠવવામાં આવશે. જે ભરપાઇ થયે દિવસ ૧૫ માં સદર કામ પૂર્ણ કરી આપવામાં આવશે. | સદર સ્થળ પર એક પોલ નડતર હતો. જે ફેરવવા અંગેનું રૂ.૪૦૦૦ નું અંદાજપત્ર તારીખ ૨૦.૩.૧૮ ના રોજ પાઠવેલ છે . જે અંદાજપત્ર ભરપાઇ કરવાની છેલ્લી તારીખ-૧૯.૦૪.૧૮ હતી પરંતું અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઇ કરેલ ન હોય જે બાબતની જાણ ગ્રાહકને પત્ર નં આરપીઆર/ટેક/૪૨૬૩ તા.૨૦.૦૪.૧૮ થી કરેલ છે.આમ સદર ફરિયાદનો નિકાલ કરેલ છે. | નિકાલ શીફટીંગ ઓફ લાઇન |